# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-07-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- રાજ્યમાં નવા ત્રણ ફોજદારી કાયદા અમલમાં આવ્યાના પહેલા જ દિવસે 164 ગુના દાખલ કરાયા છે.
- ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડે લોંગ ડ્યુરેશન એનર્જી સ્ટોરેજ કાઉન્સિલ સાથે ઊર્જા સંરક્ષણ ક્ષેત્રે સમજૂતી કરાર કર્યા.
- રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરવા સરકાર ખેડૂતોને 20 હજાર રૂપિયા પ્રતિ હેક્ટર સહાય ચૂકવશે.
- સૌરાષ્ટ્ર-કચ્છ, સુરત, નવસારી અને વલસાડ સહિતના જિલ્લાઓમાં આવતીકાલે ભારેથી અતિભારે વરસાદની આગાહી...
- રાજ્યનો જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ 51 ટકાથી વધુ અને 11 જળાશય 50થી 70 ટકા ભરાયા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## AMIT SHAH - NAVA KAYDA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આજથી અમલી બનેલા ત્રણ ફોજદારી કાયદા દેશની સૌથી આધુનિક ન્યાય વ્યવસ્થાનું નેતૃત્વ કરશે. તેમણે કહ્યું કે ફોજદારી ન્યાય વ્યવસ્થા સંપૂર્ણપણે સ્વદેશી છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ દિલ્હીમાં ત્રણ નવા ફોજદારી કાયદા વિશે માહિતી આપતાં જણાવ્યું કે નવા કાયદા ત્વરિત ન્યાય અને પીડિતોના અધિકારોને સુનિશ્ચિત કરશે. આ પહેલા માત્ર પોલીસના અધિકારોનું રક્ષણ થતું હતું, જોકે હવે પીડિત અને ફરિયાદીના અધિકારોનું પણ રક્ષણ થશે.

(BYTE– કેન્દ્રીય મંત્રી અમિત શાહ)

ગાંધીનગર જિલ્લામાં ચિલોડામાં ગત રાત્રે એક વાગ્યે નવા કાયદા મુજબ પહેલો ગુનો  દાખલ થયો છે. રાજ્યમાં નવા કાયદાના અમલથી આજે 164 ગુના  દાખલ કરાયા છે.

.................................

## URJA MoU

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને ગુજરાત એનર્જી ટ્રેનિંગ એન્ડ રિસર્સ ઇન્સ્ટિટ્યૂટ -GETRI અંતર્ગત વિભાગ સેન્ટર ફૉર નેટ-ઝીરો એનર્જી ટ્રાન્ઝિશને લૉન્ગ ડ્યૂરેશન એનર્જી સ્ટૉરેજ કાઉન્સિલ સાથે મહત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. રાજ્યના ઊર્જા અને પેટ્રો-કેમિકલ્સ

મંત્રી કનુ દેસાઈ, ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગના કાર્યવાહક અગ્રસચિવ મુકેશ કુમાર સહિત અનેક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

G.U.V.N.L અને L.D.E.S. કાઉન્સિલ વચ્ચેના સમજૂતી કરાર લાંબા સમયના ઊર્જા સંગ્રહના ઉકેલના વ્યાપક મૂલ્યાંકન માટેનો માર્ગ મોકળો કરે છે. આ ટેકનોલૉજી ગ્રીડ સ્થિરતાને સુનિશ્ચિત કરવા અને સૉલર અને પવન-ઊર્જા જેવી પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના સંકલનને સક્ષમ બનાવવા માટે મહત્વપૂર્ણ છે. તેમ જ પુનઃપ્રાપ્ય ઊર્જાના પરિવર્તનને પહોંચી વળવા, લાંબા સમયના એનર્જી સ્ટોરેજ ડિકાર્બોનાઈઝેશન પ્રયાસને મહત્વપૂર્ણ રીતે આગળ ધપાવી શકે છે અને સ્થિર ઊર્જા ભવિષ્ય તરફની ગતિને પ્રોત્સાહન આપી શકે છે.

..................................

## PRAKRUTIK KHETI RAGHAVJI PATEL

રાજ્યના કૃષિ વિભાગે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરતી “શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની યોજના” અમલમાં મુકી છે. આ અંગે માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક ઈનપુટ ખેતી ખર્ચ અને શાકભાજીની પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન માટે 20 હજાર રૂપિયા પ્રતિ હેક્ટર સહાય ચૂકવવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્યના દરેક નાગરિકને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વગર ઉત્પાદિત કરેલા શાકભાજી પાક સરળતાથી મળી રહે તે માટેની આ યોજના છે. આ યોજનાના અમલીકરણ માટે સરકારે અંદાજપત્રમાં 10 કરોડ રૂપિયાની રકમ પણ ફાળવી છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, આ યોજનાના અમલીકરણથી આગામી પાંચ વર્ષમાં અનેક ખેડૂતો શાકભાજી પાકમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવશે. તેમ જ આશરે પાંચ હજાર હેક્ટર વિસ્તારનો વધારો થશે. આ યોજના અંતર્ગત ખેડૂતોને આપવામાં આવનારી સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર - DBTના માધ્યમથી સીધા જ તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવશે.

--------

## NATIONAL DOCTORS DAY

તબીબોએ આરોગ્ય સેવાઓની મજબૂત કરોડરજ્જૂ છે. આજે રાષ્ટ્રીય તબીબ દિવસે તબીબોની કર્તવ્યનિષ્ઠાને બિરદાવતા રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આમ જણાવ્યું હતું. આરોગ્ય મંત્રીએ રાજ્યના વિવિધ સરકારી હૉસ્પિટલમાં કાર્યરત્ તબીબો સાથે વીડિયો કૉન્ફરન્સ દ્વારા સંવાદ કરીને હૉસ્પિટલના સંચાલનમાં જરૂરી કામગીરી, વ્યવસ્થા અને સમસ્યાઓને લગતી રજૂઆતો સાંભળી હતી.

આ સંવાદ દરમિયાન શ્રી પટેલે ભુજ તાલુકાની સરહદ પર આવેલા ખાવડામાં આરોગ્ય અધિકારી ડૉ. રાજેશ વર્મા સાથે ચર્ચા કરીને એક વર્ષમાં

અંદાજે એક હજાર 500 જેટલી સફળ પ્રસુતી કરીને એક પણ માતાના મૃત્યુ ન થવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. દરમિયાન આરોગ્ય મંત્રીએ બનાસકાંઠા જિલ્લામાં ગુણવત્તાની દ્રષ્ટિએ પ્રથમ જાહેર આરોગ્ય કેન્દ્ર બનવા બદલ આરોગ્ય અધિકારી ડૉ. યોગેશ પ્રજાપતિ સહિત રૈયા જાહેર આરોગ્ય કેન્દ્રની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં સંદેશ આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું.

(બાઈટ – આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ)

.................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## GUJARAT DAM OVERALL

રાજ્યનો જીવાદોરી સમાન “સરદાર સરોવર” ડેમ-જળાશયમાં નવા નીરની આવક થતાં તે 51 ટકાથી વધુ ભરાઈ ગયો છે.

જળ સંપતિ વિભાગના અહેવાલમાં વધુમાં જણાવવામાં આવ્યું કે, સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા તાલુકામાં આવેલું વંસલ જળાશય 100 ટકા છલકાઈ  જતાં હાઈ-અલર્ટ તેમ જ ધોળીધજા ડેમ 88 ટકાથી વધુ ભરાતાં અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે સવારે 8 વાગ્યાના પ્રાપ્ત અહેવાલ મુજબ, રાજ્યના કુલ 206 માંથી એક જળાશય સંપૂર્ણ છલકાયું છે. જ્યારે ચાર જળાશય 70 થી 100 ટકા, 11 જળાશય 50થી 70 ટકા તેમ જ 33 જળાશય 25થી 50 ટકા સુધી ભરાઈ ગયા છે. આ સાથે જ રાજ્યના જળાશયોમાં કુલ સંગ્રહશક્તિના 29.60 ટકા પાણી સંગ્રહ થયું છે. રાજ્યના સરદાર સરોવર જળાશયમાં હાલમાં 10 હજાર 822 ક્યૂસેક, ઉકાઈમાં 6 હજાર 293, ઉબેણમાં 5 હજાર 916, મોજમાં 3 હજાર 952 અને બાંટવાખારો જળાશયમાં 3 હજાર 859 ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે.

.................

## WEATHER - RAIN

રાજ્યના સૌરાષ્ટ્ર-કચ્છ અને સુરત, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીના જિલ્લાઓમાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં ચોમાસું સક્રિય થયું છેઆજે કચ્છ, જૂનાગઢ, દ્વારકા, પોરબંદર અમરેલી, મોરબી, જીલ્લામાં છૂટાછવાયા સ્થળોએ અતિ ભારે વરસાદ થયો છે, દક્ષિણ ગુજરાતના અરવલ્લી, અમદાવાદ, ભરૂચ સુરત,

નવસારી અને તાપી જેવા જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ થયો છે.

આજે રાજ્યના 194 તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલ્યાણપુરમાં 7 ઇંચ, ખંભાળિયામાં સવા છ ઇંચ, જૂનાગઢનાં માણાવદરમાં પાંચ ઇંચ, વિસાવદરમાં 4 ઇંચ, નવસારી તાલુકામાં 3.8 ઇંચ, સુરતના બારડોલી તાલુકામાં 4 ઇંચ, ગીરસોમનાથના કોડીનાર તાલુકામાં 3 ઇંચ વરસાદ નોંધાયો હતો.

આવતીકાલે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, જિલ્લાઓમાં મોટા ભાગના સ્થળોએ હળવાથી મધ્યમ -ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે.

..................................

# NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- ડાંગ જિલ્લામાં જિલ્લા કક્ષાનું વિદ્યા સમીક્ષા કેન્દ્ર શરૂ કરાયું
- મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે ભારત સરકારની ADIP યોજના અંતર્ગત દિવ્યાંગજનો માટે સાધન સહાય માટે પરિક્ષણ શિબિર યોજાઈ હતી.
- ગાંધીનગરના ગિફ્ટસીટી ખાતે આગામી તારીખ 4 અને પાંચમી જુલાઇના રોજ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાશે.

- કચ્છના ભુજોડી આહીર કન્યા વિદ્યાલય ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા "કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ" અંગે જાગૃતિ શિબિર યોજાઈ હતી.
- સિલ્વાસા ખાતે  દાદરા નગર હવેલી સરકારી કર્મચારી મ્યુચ્યુઅલ એઇડ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની વાર્ષિક સામાન્ય સભા યોજાઇ ગઇ.
- નર્મદાના કેવડીયા એકતાનગર ખાતે ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) નું 61મું નેશનલ કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ્સ ત્રિદિવસીય કન્વેન્શન યોજાયું.
- ઉનાના ગાંગડા ગામે શિકાર કરતાં સિંહણ અને ગાય બંને કૂવામાં ખાબક્યાં હતા.  બચાવકાર્ય દરમિયાન સિંહણને સલામત રીતે બહાર કઢાઇ હતી. ગાયનું મૃત્યુ થયું હતું.
- વલસાડથી 42 ભક્તો અમરનાથની યાત્રાએ જવા નીકળ્યા છે.

----------